## સંક્ષિપ્ત સમાચાર

### લુણાવાડા રાજપૂત સમાજ ઘર ખાતે સ્નેહ સંમેલન અને સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો



**લુણાવાડા |** લુણાવાડા રાજપૂત સમાજ ઘર ખાતે રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા નૂતન વર્ષ સ્નેહ સંમેલન અને સન્માન સમારોહ કાર્યક્રમ લુણાવાડા સ્ટેટ મહારાણા સિધ્ધરાજસિંહજીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ સમારંભમાં મુખ્ય મહેમાનોમાં રાજવી પરિવારના પુષ્પેન્દ્રસિંહજી, નિવૃત્ત ડીવાયએસપી લક્ષ્મણસિંહજી સોલંકી, ભારતસિંહજી સોલંકી, સામાજીક અગ્રગણ્ય રાજપૂત સમાજ પ્રેસિડેન્ટલ બોર્ડના ડો. દર્શનસિંહજી સોલંકી સહિત રાજપૂત સમાજના આગેવાનો મહિલાઓ, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નવુ વર્ષ રિદ્ધિ - સિદ્ધિ સુખ - સમૃદ્ધિ આપનારું અને પ્રગતિકારક બને તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ જગદેવસિંહ સિસોદિયા, મંત્રી ઈન્દ્રસિંહ સોલંકી તથા કારોબારીના સૌ સભ્યોએ સફળ આયોજન કર્યું હતું.

### બાકરોલ સ્થિત સ્પેક એન્જિનિયરીંગ કોલેજના વિદ્યાર્થીનું રાજ્ય કક્ષાએ સિલેક્શન




**આણંદ |** તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગના કમ્પ્યુટર સાઇન્સ એન્જીનીયરીંગ વિભાગના વિદ્યાર્થી ભાર્ગવ ગોહેલનું નેશનલ ઇન્ટિગ્રેશન કેમ્પ વેસ્ટ ઝોનમાં રાજ્ય કક્ષાએ સિલેક્શન થયું છે. આ કેમ્પ હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સીટી, પાટણમાં યોજાયો હતો. આ કેમ્પમાં ભાર્ગવે કોલેજના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો જેમાં તેનું સિલેક્શન થયું. આ સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન ગીરીશ પટેલ, સેક્રેટરી શીતલ પટેલ તેમજ ટ્રસ્ટીઓએ તથા આચાર્ય ડો. નાનક પમનાણી દ્વારા વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

### મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા વિવિધ શાળા કોલેજોમાં પોક્સો એક્ટની માહિતી અપાઇ



**લુણાવાડા |** મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા મહિલા સુરક્ષા જનજાગૃતિ અભિયાન અંતર્ગત નવા અમલમાં આવેલ કાયદા, પોક્સો એક્ટ, ઘરેલુ હિંસા તેમજ મહિલાઓ વિરુદ્ધ થતા અત્યાચારો અટકાવવા બાબતે વિવિધ શાળા કોલેજોમાં જઈ વિદ્યાર્થીઓને અને નાગરિકોને માહિતી આપી જાગૃત કરવા જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ઇન્વેસ્ટિગેટિવ યુનિટસ ઓન ક્રાઇમ અગેઇન્સ્ટ વુમન લુણાવાડા દ્વારા એચ. બી.પટેલ,એન્જિનિયરિંગ કોલેજ લુણાવાડા, વેલહેમ્સ સ્કૂલ અને લુણાવાડા બ્રાન્ચ શાળા નં.5 સ્કૂલ, લુણાવાડા તાલુકા પોલીસ મથક દ્વારા મલેકપુર એમ.જી.વી.એમ. શાળા તેમજ પરિમલ હાઇસ્કૂલ રામપુર પાદેડીમાં મહિલાઓ વિરુદ્ધ થતા અત્યાચારો અટકાવવા સ્ત્રી સુરક્ષા, તેમજ ટોલ ફ્રી નંબરના સદુપયોગ અંગેની જાણકારી આપવામાં આવી હતી.

### ઝારોલા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને વેકેશનમાં સત્કાર્ય બદલ સન્માનિત કરાયા



**બોરસદ |** આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં આવેલ ઝારોલા ગામની હાઇસ્કુલમાં વેકેશન કેવી રીતે માની શકાય, મળેલ સમયનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની સુંદર માહિતી વેકેશન પહેલા શિક્ષકોએ વિદ્યાર્થીઓને આપી હતી, તેના ભાગરૂપે વિદ્યાર્થીઓએ વેકેશનનો સદુપયોગ કર્યો હતો. અલગ અલગ ગામમાંથી આવતા વિદ્યાર્થીઓએ વેકેશનમાં દિવાળી પહેલા સંપન્ન ઘરમાંથી દિવાળી નિમિત્તે બનાવેલ ફરસાણ તેમજ મીઠાઇ દાન સ્વરૂપે સ્વીકારી ગામના જરૂરિયાત વાળા ઘરમાં પ્રભુના પ્રસાદ તરીકે ભેટ આપી હતી અને તેઓના ચહેરા પર ખુશી લાવવા સહભાગી બન્યા હતા. ચેરિટી કાર્ય કરી બીજાને ખુશી આપનાર વિદ્યાર્થીઓનું શાળા પરિવાર દ્વારા શાળાના પ્રથમ દિવસે સન્માન કરાયું હતું. વિદ્યાર્થીઓ ને સન્માનિત કરવા માટે ઇનામની વ્યવસ્થા શાળાના ભૂતપૂર્વ શિક્ષક જયંતીભાઇ પ્રજાપતિએ કરી હતી. આચાર્ય નવીનભાઈ પટેલે, કેળવણી મંડળ ઝારોલા તથા શાળા પરિવાર વતી આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

**અન્ય જિલ્લાઓમાંથી વતનનો લાભ મેળવવા કેમ્પમાં આવેલ શિક્ષકોને કેમ્પ અચાનક બંધ રખાતાં ભારે પરેશાની**

# લુણાવાડામાં શિક્ષકોનો ફેરબદલી કેમ્પ મોકૂફ રહેતાં રોષ

**શિક્ષણાધિકારી** દ્વારા કેમ્પ સ્થગિત રાખવાની મૌખિક જાહેરાત કરાતાં ભારે રોષ વ્યાપ્યો






તસવીરઃ ઇન્દ્રવદન પરીખ

(પ્રતિનિધિ) સંતરામપુર, તા.20
લુણાવાડા ખાતે મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે જિલ્લા બહારના શિક્ષકોનો જિલ્લા ફેરબદલી કેમ્પ ક્રિસ્ટલ હાઈસ્કૂલ લુણાવાડા ખાતે યોજાયો હતો.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી શિક્ષકો લુણાવાડા ખાતે ફેર બદલી કેમ્પ માટે આવ્યા હતા. કેમ્પની પ્રકિયા ચાલુ હતી તે દરમ્યાન અચાનક મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા કેમ્પ સ્થગિત રાખવાની મૌખિક સૂચના અપાતા ને જાહેરાત કરાતાં હાજર શિક્ષકોમાં ભારે રોષ વ્યાપ્યો હતો.ને કેમ્પ કેમ બંધ રાખેલ છે તેની કેમ્પમાં ભાગ લેવા માટે આવેલ શિક્ષકો અંદરોઅંદર ચર્ચા કરતાં જોવા મળતા હતા.

આ બદલી કેમ્પ અચાનક બંધ રખાતાં કેમ્પ નાં સ્થળે ઉપસ્થિત શિક્ષકો દ્વારા હોબાળો મચાવતાં ને વાતાવરણ તંગ બનતાં કેમ્પ નાં સ્થળે પોલીસ બોલાવવી પડી હતી અને પોલીસ દ્વારા શિક્ષકો ને હટાવતાં શિક્ષકોમાં તંત્રની આવી કાર્યપદ્ધતિ સામે ભારે નારાજગી જોવાં મળી હતી.

અન્ય જિલ્લાઓમાંથી વતનનો લાભ મેળવવા કેમ્પમાં આવેલ શિક્ષકો ને કેમ્પ અચાનક બંધ રખાતાં ભારે પરેશાનીઓમા મુકાવું પડ્યું હતું. જોકે ઉપસ્થિત શિક્ષકોએ જિલ્લા ફેરબદલી કેમ્પ મોકૂફ રાખવા મામલે ભારે વિરોધ પ્રદર્શન કરાયું હતું. છતાં પણ જીલ્લા ફેરબદલી અંગે કાર્યવાહી હાથ ધરાઈ નહોતી. જેથી વતન આવવા માટે ઉત્સાહિત શિક્ષકોમાં નારાજગી જોવા મળી હતી.

### શિક્ષકોમાં ભારે આક્રોશ ભભૂક્યો

રાજ્યમાં અન્ય જિલ્લાઓમાં પણ બુધવારે બદલી કેમ્પ યોજાઇ ગયા હતા ત્યારે માત્ર મહીસાગર જિલ્લામાં આ કેમ્પ મોકૂફ રખાતાં શિક્ષકોમાં ભારે આક્રોશ ભભૂકી ઉઠયો હતો. જવાબદારો સામે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી ઉઠી છે. બીજીતરફ કેમ્પ સ્થળે શિક્ષકોને હટાવવા પોલીસ બોલાવી લેવાતા શિક્ષકોમાં નારાજગી જોવાં મળતી હતી. આ કેમ્પમાં દૂર-દૂરથી આવેલા શિક્ષકોમાં આવા આયોજનને કારણે રોષ પ્રસર્યો હતો. બદલી કેમ્પ પૂર્ણ કરવા શિક્ષકોએ ઉગ્ર માંગ વ્યક્ત કરી હતી.

### સવારથી ઉત્સાહથી આવેલા શિક્ષકોને વીલા મોઢે પરત ફરવું પડ્યું

મહીસાગર જીલ્લામાં વતન ધરાવતા શિક્ષકોએ પોતાના જિલ્લામાં આવવા માટે છેલ્લા કેટલાય વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા. અન્ય જિલ્લાઓ ખાતે પાંચ વર્ષથી માંડીને 15 વર્ષ કે તેથી પણ વધુ વર્ષો સુધી ફરજ બજાવી છે. જિલ્લા ફેરબદલી કેમ્પની તારીખે શિક્ષકો રજા મૂકી સવારના ભૂખ્યા તરસ્યા આવેલા શિક્ષકોને બદલી કેમ્પ સ્થળ પર ઘણી બધી હાલાકી ભોગવવી પડી હતી. જિલ્લા શિક્ષણ અધિકારીના સૂચન પગલે કેમ્પ મોકૂફ રહેતાં શિક્ષકોને વીલા મોઢે પાછા જવાનો વારો આવ્યો હતો.

# આણંદના પાધરિયામાં સગા ભાઈએ મકાન પચાવી પાડ્યું

**મુંબઇ** રહેતા વૃદ્ધાએ મકાન ભાઇને રહેવા આપ્યું હતું

(પ્રતિનિધિ) આણંદ, તા.20
આણંદ શહેરના પાધરિયા વિસ્તારમાં વૃદ્ધાએ તેમનું મકાન તેમના ભાઈને સાચવવા માટે આપ્યું હતું. પરંતુ તેમના ભાઈએ ઘર પચાવી પાડ્યું હતું.

આણંદના કરમસદના આત્મીય આર્ચ કોમ્પ્લેક્સમાં રહેતા ગુણવંતીબહેન થોમસભાઈ પરમાર (ઉ.વ.63) હાલ મુંબઇ તેમના દિકરી અંજના સાથે રહે છે. ગુણવંતીબહેને આણંદના પાધરિયા વિસ્તારમાં 16મી મે,2005ના રોજ મકાન વેચાણ રાખ્યું હતું. જોકે, ગુણવંતીબહેન સાસરી મુંબઇ મુકામે જતા રહ્યાં હતાં અને મકાન તેમના ભાઇ વિનોદ સદગુણ પરમારને વગર ભાડે રહેવા આપ્યું હતું. આ સમયે ગુણવંતીબહેન મુંબઈથી આવે ત્યારે મકાનમાં રહીશ અને જરૂર પડે ત્યારે મકાન ખાલી કરી પરત આપવું પડશે. તેવી વાત કરી હતી. દરમિયાનમાં 13મી જૂન, 2023ના રોજ ગુણવંતીબહેનનો પુત્ર ફ્રાન્સીસને ગંભીર બિમારી થતાં તેઓ સારવાર માટે મુંબઈથી કરમસદ હોસ્પિટલ આવ્યાં હતાં. આ સમયે ગુણવંતીબહેને વિનોદને મકાન ખાલી કરવાનું કહ્યું હતું. પરંતુ વિનોદ જે તે સમયે દિકરીના લગ્નનું બહાનુ બતાવી મકાન ખાલી કર્યું નહતું. જોકે, લગ્ન પત્યા બાદ મકાન ખાલી કરવાનુ કહેતા વિનોદે મકાન ખાલી કરવાની ના પાડી દીધી હતી. આ અંગે આણંદ શહેર પોલીસે વિનોદ સદગુણ પરમાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### મહીસાગરમાં તા.14મીએ નેશનલ લોક અદાલત યોજાશે

(પ્રતિનિધિ) સંતરામપુર,તા.20
મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા 14મી ડિસેમ્બરને શનિવારના રોજ નેશનલ લોક અદાલત યોજાશે. જેમાં સમાધાનલાયક કેસો જેવા કે ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ 138ના કેસો, બેંક રીકવરીના કેસો, અકસ્માત વળતરના કેસો, મજુર ડીસ્પ્યુટના કેસો, જમીન સંપાદના કેસો, ફેરફાર/ભાગલા/ભાડા બેંન્ક વસુલાત/સુખાધિકારીના હકકો વગેરેના દિવાની દાવાઓ, વિજળી અને પાણીના બિલના કેસો, પ્રિ-લીટીગેશનના કેસો, ભરણ પોષણના કેસો અને કૌટુંબિક ઝઘડાના કેસોનો સમાધાન લાયક કેસો તેમજ અન્ય સમાધાન કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે.

**વિદેશ મોકલવાનું કામ કરતા હોવાનું જણાવી 27 લાખ ખંખેર્યા**

# લુણાવાડાના ચાર શખ્સે વિદેશ વાંચ્છુ યુવતી સાથે ઠગાઈ કરી

**યુકે ખાતે** નર્સીંગનું કામ અપાવવાનો વિશ્વાસ આપી નાણા પડાવ્યાં

(પ્રતિનિધિ) લુણાવાડા, તા.20
લુણાવાડાના કાકાચીયા ગામમાં રહેતા ચાર શખ્સે વિદેશ મોકલવાનું કામ કરતાં હોવાનું કહી પોરબંદરની યુવતી સાથે રૂ.27 લાખની છેતરપિંડી આચરી હતી.

પોરબંદરમાં રહેતા મિતલ ભીમાભાઈ ભુતીયા છેલ્લા છએક મહિનાથી હોસ્પિટલમાં નર્સીંગ સ્ટાફ તરીકે ફરજ બજાવે છે. તેઓએ વર્ષ 2021ના રોજ પોરબંદર કોલેજમાં નર્સીંગનો કોર્ષ કરેલો છે. તેઓ પાંચેક વર્ષ પહેલાં અજય દીલીપભાઇ ચાવડા (રહે. રાણાવાવ) સાથે ઓળખાણ થઈ હતી. આ પછી અજય ચાવડા યુકે જતો રહ્યો હતો. મીતલબહેન અને અજય સંપર્કમાં હતાં. આ દરમિયાન અજયે યુકેમાં અભ્યાસ તથા નોકરી વિશે કેટલીક માહિતી આપી હતી. આથી, મિતલબહેને યુકે જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને આઈઈએલટીએસની પરીક્ષા પણ પાસ કરી હતી. બાદમાં યુકે ખાતે કેરટેકર તરીકે નોકરી કરવા જરૂરી ડોક્યુમેન્ટ તૈયાર કર્યાં હતાં. બાદમાં વર્ષ 2024ના ગાળામાં અજયે યુકે માટે મુકેશ વિરદાસ પટેલ (રહે. કાકાસીયા)નો મોબાઈલ નંબર આપ્યો હતો. આથી, મુકેશને કોલ કરી યુકે જવાની વાત કરતાં તે લુણાવાડા પાસે ટ્રસ્ટ સંચાલિત કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી કરતાં હોવાનું અને સાથે વિદેશ જવા માટે વર્ક વિઝાનું પણ કામ કરતાં હોવાનું જણાવ્યું હતું. તેમની દિકરી દિગ્મીતા અને જમાઇ ધર્મેશ પટેલ યુકે રહે છે. તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો. આથી, મિતલબહેને યુકે દિગ્મીતાબહેન સાથે વાત કરતાં તેઓએ પણ યુકે પહોંચી જાવ પછી નર્સીંગનું કામ અપાવવાની જવાબદારી લીધી હતી. જોકે, એક જ મહિનામાં યુકે પહોંચાડી નોકરી આપવાનો વિશ્વાસ આપ્યો હતો. મુકેશે શરૂઆતમાં ત્રિસેક લાખનો ખર્ચ થશે. તેવી વાત કરી હતી. આથી, મિતલબહેને લેખીતમાં માંગતા તેઓએ વિઝા નહીં આવે તો પૈસા પરત કરવાની બાહેંધરી આપી હતી. બાદમાં 17મી જાન્યુઆરી, 2024ના રોજ રૂ.5.25 લાખ આરટીજીએસથી મોકલી આપ્યાં હતાં. જેથી સ્પોન્સર લેટર સાતેક દિવસમાં મળી જશે. તેમ જણાવ્યું હતું. બારેક દિવસ બાદ યુકે વિઝા અને ઈમીગ્રેશનના સિમ્બોલવાળો રેહોવોટ સર્વિસ લિમીટેડનો સ્પોન્સર લેટર મોકલ્યો હતો અને બાકીના રૂ.21.75 લાખ આંગડીયામાં મંગાવ્યાં હતાં. જેથી રકમ મોકલી આપી હતી. પરંતુ પાસપોર્ટ ડોક્યુમેન્ટની વિગતમાં ભુલ હોવાથી બીજો લેટર કઢાવી આપવાનું કહ્યું હતું. આથી, સાતેક દિવસ બાદ બીજો 365 ડીવાઇન કેર લીમીટેડનો લેટર આપ્યો હતો. જે આવ્યા બાદ વિગતો યુકે દિગ્મીતાબહેન અને તેના પતિ ધર્મેશને મોકલી આપી હતી. જેઓએ 29મી ફેબ્રુઆરી, 2024ના રોજ એપ્લીકેશન ફોર્મ ભર્યું હતું.જોકે, 23મી માર્ચ,2024ના રોજ પાસપોર્ટ કુરિયર દ્વારા મળ્યો હતો. પરંતુ તેમાં વિઝા સ્ટેમ્પ લગાવેલો નહતો. આ અંગે કંપનીને પુછતાં તેઓએ પણ મિતલ ભુતીયા નામની વ્યક્તિને કોઇ લેટર ઈશ્યુ કર્યો ન હોવાનું જણાવ્યું હતું.

આમ, મિતલબહેનને છેતરપિંડી થયાનું જણાયું હતું. આથી, તેઓએ દિગ્મીતા અને ધર્મેશ પાસે રકમ પરત માંગી હતી. પરંતુ તેઓએ અપશબ્દ બોલી ફોન કાપી નાંખ્યો હતો. જ્યારે મુકેશ પટેલે પણ અપશબ્દ બોલી પોરબંદરથી ઉઠાવી જઇ જીવતા નહીં રહેવા દેવી ધમકી આપી હતી. આ ઉપરાંત મિતલબહેનના પતિને પીંકેશ પટેલ નામના શખ્સે ફોન કરી પોતે મોટો ગુંડો હોવાનો પરિચય આપી શહેરમાંથી ઉઠાવી મરાવી નાંખવાની ધમકી આપી હતી. આખરે આ અંગે પોરબંદરના કલમાબાગ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે મુકેશ વિરદાસ પટેલ, દિગ્મીતા ધર્મેશ પટેલ, ધર્મેશ પટેલ અને પીંકેશ પટેલ નામના શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મિતલબહેનને દસ વર્ષ સુધી પ્રતિબંધ

મિતલબહેને તપાસ કરતાં ધર્મેશે યુકે ગર્વમેન્ટનો એક રેફ્યુઝર લેટર મોકલી આપ્યો હતો. જેમાં એક જ નોકરી માટે બે સ્પોન્સર લેટર મોકલ્યા હોવાથી વિઝા નહીં મળવાપાત્ર હોવાનું લખ્યું હતું. આ અંગે મિતલબહેને શંકા આધારે તપાસ કરતાં આવા કોઇ નિયમ ન હોવાનું જાણવા મળ્યું નહતું. જે રીફ્યુઝર લેટર મોકલ્યો છે, તેમાં જણાવેલા કારણે જ વર્ક વિઝા મળ્યા નહતાં. આથી, ચિંતિત બનેલા મિતલબહેને સમગ્ર બાબત અજય ચાવડાને કહેતા તેઓએ સ્થાનિક વકિલ મારફતે તપાસ કરતાં દિગ્મીતાબહેન, ધર્મેશ પટેલ અને મુકેશ પટેલે યુકે વિઝા અને ઇમીગ્રેશન ખાતે રજુ કરેલો સ્પોન્સર લેટર બોગસ હોવાથી વિઝા મળ્યાં નથી. આ ઉપરાંત યુકે ગર્વમેન્ટ તરફથી દસ વર્ષ સુધી પ્રતિબંધ પણ ફરમાવ્યો છે.

# ઉમરેઠના દામોદર વડ પાસે ભેલાણથી ખેડૂતો ત્રાહીમામ

ઘરેણાં ગીરવે મૂકીને સાંથે ખેતર રાખી વાવેતર કર્યું હતું



તસવીરઃ ધનંજય શુક્લ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.20
ઉમરેઠના દામોદર વડ પાસે ખાડી તલાવડી પાસેનાં ખેતર અમુક વ્યક્તિઓ દ્વારા સાંથે રાખીને ખેતી કરાઈ રહી છે. પરંતુ છેલ્લા લાંબા સમયથી પંદરથી વીસ ગાયોનું ટોળું રોજ રાત્રે ખેતરોમાં આવે છે અને મહા મુસીબતે રોપણી કરેલો અને ઉભો થયેલો પાક સાફ કરી નાખે છે. જો આવી રીતે પશુપાલકો રાત્રે ખેતર તરફ ગાયો છોડી જાય અને ઉભો પાક ખલાસ કરી નાંખતી હોવાથી ખેડૂતોની પરિસ્થિતિ દયનીય બની છે.

ઉમરેઠના દામોદર વડ પાસે ખાડી તલાવડી પાસે ભેલાણથી થાકી હારીને ખેડૂતો એકઠા થયાં અને રાત્રે જાગીને કુલ નવ (9) ગાયને ખેતરમાં ઉભો પાક ચરતી પકડી એક જગ્યાએ બાંધી દીધી હતી. આ અંગે ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ગાયોનાં માલિક સામે લેખિત ફરિયાદ કરવામાં આવી છે. જેમાં ખેડૂતો દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે, અમારી એક વ્યક્તિની બે - ત્રણ વિઘા મળી કુલ 30 વિઘાથી પણ વધુનો પાક ભેલાણમાં ખલાસ થઇ ગયો. હવે અમારી આ નુકશાનીની ભરપાઈ શું ગાયોનાં માલિક કરશે ? જણસો ગીરવે મૂકીને ખેતી કરનારની ખેતી વારંવાર જે ગાયો દ્વારા બગડે છે તો તેમના માલિકોની જવાબદારી શા માટે નથી બનતી ? હવે આ કેસમાં ગરીબ ખેડૂતો જે સાંથે ખેતર રાખીને ખેતી કરીને ગુજરાન ચલાવે છે, તેમને ત્યાં ગાયોને ભેલાણ કરવા છોડી જાય છે.

### લુણાવાડા ખાતે વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી

(પ્રતિનિધિ) સંતરામપુર,તા.20
લુણાવાડા કલેકટર કચેરી ખાતે ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી સી. એલ. પટેલના અધ્યક્ષ સ્થાને વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી અને ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશ મિશનની બેઠક યોજાઈ હતી. જેમાં લાભાર્થીઓને શૌચાલય મંજૂરીના હુકમ પત્ર એનાયત કરાયા હતા.

આ પ્રસંગે ઈન્ચાર્જ કલેકટર સી એલ પટેલે જણાવ્યું હતું કે, વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે કેન્દ્ર સરકારના જલશક્તિ મંત્રાલયના ઉપક્રમે સ્વચ્છતા અંગેની જનજાગૃતિ વધારવા માટે અને સ્વચ્છતા અંગે તમામ નાગરિકોની લોક ભાગીદારી વધારવા માટે 19મી નવેમ્બરથી 10 મી ડિસેમ્બર સુધી અમારું શૌચાલય અમારું સન્માન ઝુંબેશ ચલાવાશે.

# નાપાડ ખાતે 125 તેજસ્વી તારલાને સન્માનિત કરાયા

**કાર્યક્રમમાં** દાતાઓ તરફથી સંસ્થા માટે રૂ.61,83,358 નું માતબર દાન મળ્યું



(પ્રતિનિધિ) આણંદ,તા.20
આણંદ જિલ્લાના નાપાડ ખાતે ગરાસિયા સમાજના તેજસ્વી તારલાઓનો અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમગ્ર ગુજરાત રાજ્યના ગરાસિયા સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા.નાપાડ ખાતે મોલેસલામ ગરાસિયા સમાજ વેલ્ફેર ટ્રસ્ટ, ગુજરાત આયોજિત સમગ્ર રાજ્યના તેજસ્વી તારલાઓનો અભિવાદન તેમજ સન્માન સમારંભ કાર્યક્રમ નાપાડ ખાતે યોજાયો હતો . જેમાં SSC-64 , HSC(સામાન્ય પ્રવાહ)-34, HSC(વિજ્ઞાન પ્રવાહ)-12, ઉચ્ચ ડીગ્રી/વિશિષ્ટ કુલ 15 વિભાગ ની વિવિધ સિદ્ધિ મળી કુલ 125 તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા જેમાં સલીમભાઈ રાણા (વકીલ) તરફથી ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ(બાયોલોજી)માં 92.00 ટકા મેળવનાર ચેખલાની વિદ્યાર્થીની નઝમા ઈદરીશભાઈ વાઘેલાને ગોલ્ડમેડલ આપી સન્માનિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને બદરુદ્દીન હસનઅલી હાલાણી મુખ્ય મહેમાન સ્થાને તેમજ પીરે તરીકત હાજી સૈયદ વાહીદઅલી બાવા સાહેબ, અતિથિવિશેષ તરીકે કે. પી. ગ્રુપ(સુરત) ના ગુલામભાઈ પટેલ ગુજરાત રાજ્ય હજ કમિટીના ચેરમેન ઈકબાલભાઈ સહિત સમાજના આગેવાનો મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત અધ્યક્ષ અજીતસિંહ વાઘેલાએ શાબ્દિક સ્વાગત પ્રવચન સાથે કરી હતી ત્યાર બાદ મંત્રી એહમદખાન રાઠોડ દ્વારા વર્ષ 2023-24નો વાર્ષિક હિસાબ તથા અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. તેમજ મહેમાનો દ્વારા પ્રેરણાત્મક વ્યક્તવ્ય રજુ કરવામાં આવ્યા હતા. પ્રમુખ રણજીતખાન રાણા દ્વારા શૈક્ષણિક સંકુલ બનાવવા 214 ગુંઠા જમીન ખરીદવાનો નિર્ણય , ગત વર્ષના સન્માન સમારંભ કાર્યક્રમ, ટાઉન હોલ, આણંદ ખાતે પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. જેમાં આ કાર્યક્રમ સુધી 94 ગુંઠા જમીનનું દાન મળ્યું હતું. અને આ કાર્યક્રમમાં ફરીથી દાન માટે અપીલ કરતા સખી દાતાઓ તરફથી રૂ.61,83,358 નું માતબર દાન મળ્યું હતું.

આ સંસ્થાને ભવિષ્યમાં સાથ સહકાર મળી રહે તેવી અપીલ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સમાજ કુરિવાજોથી બહાર આવે અને શિક્ષિત બને તેમ જ સમાજના બાળકો અન્ય સમાજના બાળકોની જેમ હરણફાળ પ્રગતિ કરે તેમ હતો સાથે સાથે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરીને પોતાના પરિવાર અને સમાજનું નામ રોશન કરે તેમ જ દેશની પ્રગતિમાં પોતાનું યોગદાન આપે તેવા શુભ આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને સમાજના યુવાનો અન્ય બદી ઓ અને કુરિવાજો ત્યાં જઈને શિક્ષિત બની પોતાની કારકિર્દી બનાવે તે હતો સાથે સાથે વિજ્ઞાન પ્રવાહની સ્કૂલ, કોલેજ, હોસ્ટેલ આઈ.ટી.આઈ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું ધ્યેય આ ટ્રસ્ટ દ્વારા રાખવામાં આવેલ છે

ગરાસિયા સમાજ વેલ્ફેર ટ્રસ્ટના અધ્યક્ષ સહિત તમામ હોદ્દેદાર, ટ્રસ્ટીઓ દ્વારા આ કાર્યક્રમ સફળ બનાવવા ખુબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમમાં ઈર્શાદ સિંધા, સોનલબેન મન્સૂરી દ્વારા એન્કરીંગ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં આભાર વ્યક્ત કરી સંપન્ન કરવામાં આવ્યો હતો.